જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૩/૨૦૧૭ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૭૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૫૧૫ લીટર દેશી દારૂ, ૫૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ ઓટોરીક્ષા અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૬૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૭૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૫૮૦/૧૭

**સાબરમતીઃ** વીરલભાઇ રમેશભાઇ વાઢેર (ઉ.વ.૩૮)(રહે, આશીસ મંગલ સોસાયટી, નીલકંઠ મહાદેવ રોડ વલ્લભપાર્ક ડી'કેબીન સાબરમતી) તા.૨૦/૩/૧૭ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે સાબરમતી તેજેન્દ્રનગર વલ્લભપાર્ક, રાધે ટેલર્સ આગળથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ વીરલભાઇના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયા હતા. આ અંગેની ફરીયાદ વીરલભાઇ વાઢેરે સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સુરેશભાઇ બાબુભાઇ ચલાવે છે.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૫૮૧/૧૭

**ખોખરાઃ** ભાવેશભાઇ ચતુરભાઇ પટેલ (રહે. શિવદર્શન સોસાયટી શિવ ચેમ્બરની પાછળ, સી.ટી.એમ ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૩/૧૭ સાંજના ૫/૩૦ થી રાતના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન ભાવેશભાઈના સબંધી આરોપી (૧) વિપુલભાઇ સોમાભાઇ પટેલ (રહે. ભાગ્યોદય સોસાયટી ઘોડાસર) (૨) વિષ્ણુ મારવાડી (જેના પુરા નામની ખબર નથી) અને (૩) દિનેશભાઇ હરીનાથ પટેલ (રહે. જય અરૂણાનગર રાષ્ટ્રભારતી સ્કુલની બાજુમા ખોખરા) એ ભેગા મળી ખોખરા અનુપમ સિનેમા સામે આવેલ ભાવેશભાઈની ભાગીદારીથી ચાલતી ઇન્ડસ્ટ્રીઝના તાળા તોડી ઈન્ડસ્ટ્રીઝમાં પ્રવેશ કરી પાપડ બનાવવાનુ મશીન, વેલ્ડિંગ મશીન, ડ્રીલ મશીન, રસોડાનો સામાન અને લોખંડનો ભંગાર મળી કુલ કિમત રૂપિયા ૮૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૪૮૨/૧૭**

**નવરંગપુરાઃ** વેદાંગ અમીતભાઇ પટેલ (રહે.મધ્યમવર્ગ સોસાયટી, ભુલાભાઇ પાર્ક ચાર રસ્તા પાસે, ગીતા મંદીર રોડ,કાંકરીયા) એ તા.૧૮/૩/૧૭ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે નવરંગપુરા લો ગાર્ડન, બેંક ઓફ બરોડાની સામે રોડ ઉપર પોતાની મારૂતિ સુઝુકી વેગેનઆર કાર નંબર જીજે.૧. આર.સી. ૭૩૮૯ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સાંજના ૫/૧૫ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ વેદાંગ પટેલે નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.રાઠોડ ચલાવે છે.

**અપમૃત્યુ :-** **સમાચાર યાદી નં.૫૮૩/૧૭**

**વટવાઃ** સુનિલ સીતારામ કુર્મી (ઉ.વ.૩૫)(રહે,ગાયત્રી નગર બચુભાઈનો કૂવો વટવા) તા.૨૦/૩/૧૭ ના કલાક ૧૨/૦૦ વાગ્યાનાં સુમારે સદાની ધાબી કેનાલ પાસે આવેલ શીવમ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ નામની કંપનીમાં મજૂરી કામ કરતાં હતા દરમ્યાન સુનિલ સિમેંટના પતરાં રોડ ઉપર ચડીને લગાવતો હતો દરમ્યાન રોડ ઉપરથી સિમેંટનું પતરું અચાનક તૂટતાં, સુનિલ નીચે પડી જતાં, માથામાં ગંભીર ઇજા થતાં, સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં લાવતા, સારવાર દરમ્યાન બપોરના ૧૨/૫૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ સુનિલને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શંકર ભાનુદાસ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૮૪/૧૭**

**રિવરફ્રન્ટ (વેસ્ટ)** : મનોજભાઇ રમણભાઇ વાલેશ (ઉ.વ.૨૮)(રહે,રંજનબીબીની ચાલી રઉફની ચાલી પાસે હાટકેશ્વર અમરાઇવાડી) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૯/૩/૧૭ રાતના ૯/૧૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે સાબરમતી નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રિવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી માલજીભાઇ ખેંગારભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)